GJRJ180006542025

Presented on : 10-09-2025
Registered on : 10-09-2025
Decided on : 12-06-2026
Duration : 0 year, 9 months, 3 days

**મે. મજૂર અદાલત, રાજકોટના એકસ ઓફિસીઓ કમિશ્નર ફોર ધી વ. કો. એકટ શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ.**

**વ.કો.એગ્રીમેન્ટ કેસ નં. : ૧૩૪/૨૦૨૫**

**આંક–૧૬**

**અરજદાર :–** **સાદરીયા ચેતન રમેશભાઈ,**
નવાપરા, અમરસર, વાંકાનેર,
જી.મોરબી –૩૬૩૬૨૧.

**વિરૂધ્ધ**

**સામાવાળાઓ :–** (૧) **સીતારામ પેકેજીંગ,**
**ઠે.** સર્વે નં.૧૨૪/૩ શેડ
ઓફ સમસન સીરામીક પ્રા.લી. બાન
ડુંગર પાછળ, ૮ એ નેશનલ હાઈવે,
મકનસર મોરબી–૩૬૩ ૬૪૨

(૨) **ગો ડીજીટ જનરલ ઈન્સ્યુરન્સ કંપની લી.,**
**ઠે.** ઓફીસ નં.૬૧૫ થી ૬૨૬, છઠો
માળ, ધ સીટી સેન્ટર કોમ્પલેક્સ, જુનુ
આમ્રપાલી સીનેમા, આમ્રપાલી અંડર
બ્રીજ પાસે, રૈયા રોડ, રાજકોટ.

અરજદાર તરફે **:–** વિ. વ. શ્રી એમ.એમ.તન્ના
સામાવાળા નં.૧ તરફે **:–** જાતે
સામાવાળા નં.૨ તરફે **:–** ગેરહાજર

**-:: ચુકાદો ::-**

**-: આંક-૧ અને આંક-૧૨ નો સંયુકત હુકમ :-**

(૧) આ કામે અરજદાર સામાવાળા નં. ૧ ને ત્યાં કામદાર તરીકે તેમની ફરજ બજાવતા હતા. તે સમય દરમ્યાન **તા.૧૫/૦૩/૨૦૨૫** નારોજ અરજદારને અકસ્માત થયેલ હતો. અને તેમાં બંને પગમાં ગંભીર ઈજા થવાથી કાયમી ખોડ રહેલ. સામાવાળા નં.૧ સંસ્થાએ કામદારના અકસ્માત વળતર પેટે **તા.૨૨/૦૮/૨૦૨૫** નારોજ **રૂા.૨,૮૮,૨૦૫/- (અંકે રૂા. બે લાખ અઠયાસી હજાર બસો પાંચ પુરા)** નો આઈ.સી.આઈ.સી.આઈ બેંક, રાજકોટના **ચેક નંબર : ૫૦૦૦૭૩** થી તથા સામાવાળા નં.ર વીમા કંપનીએ કામદારના અકસ્માત વળતર પેટે **તા.૨૨/૦૮/૨૦૨૫** ના રોજ **રૂા.૧૪,૨૭,૨૯૫/- (અંકે રૂા. ચૌદ લાખ સત્યાવીસ હજાર બસો પંચાણુ પુરા)** નો સ્ટાન્ડર્ડ ચાર્ટર બેંક, મુંબઈના **ચેક નંબર : ૨૧૦૧૭૧** થી જમા કરાવેલ એમ બંને કુલ મળી રકમ **રૂા.૧૭,૧૫,૫૦૦/- (અંકે રૂા. સતર લાખ પંદર હજાર પાંચસો પુરા)** અત્રે ની કોર્ટમા પી.એલ.એ. ખાતામાં જમા કરાવેલ છે. જે કલીયર થઈ આવતા અરજદાર અને એકસ ઓફીસીયો કમીશ્નરશ્રીના નામની ઈંડિયન બેંક, રાજકોટમાં કુલ **રૂા.૧૭,૧૫,૫૦૦/-** ની રકમનું ડીપોઝીટ **રસીદ નંબર - ૦૧૨૦૩૯૨, તા.૧૨/૦૯/૨૦૨૫** થી એક વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરાવેલ છે.

(૨) આ કેસની ટુંકમાં હકિકત એવી છે કે આ કામના અરજદાર સામાવાળાની કંપનીમાં નોકરી કરતા હતા દરમ્યાન **તા.૧૫/૦૩/૨૦૨૫** નારોજ અકસ્માત થતા અરજદારના **બંને પગ**

**ઘુંટીથી ઉપરના ભાગેથી કપાયેલ છે.** સામાવાળાએ આંક–૧ની અરજી સાથે ફોર્મ–એલ આંક–૩ થી બે નકલમાં રજુ કરી, વળતરની રકમ **રૂા.૧૭,૧૫,૫૦૦/– (અંકે રૂા. સતર લાખ પંદર હજાર પાંચસો પુરા)** કોર્ટમાં ડીપોઝીટ કરાવેલા છે. અને નીચે મુજબના દસ્તાવેજોની નકલ રજુ કરેલ.

| **આંક/ માર્ક** | **વિગત** |
|---|---|
| ૫/૧ | અરજદારનું આધારકાર્ડ |
| ૫/૨ | અરજદારને ઈંજરી થયેલ તેના ફોટો |
| ૫/૩ | સામાવાળા નં.૧એ નં. ૨ પાસેથી કઢાવેલ ઈન્સ્યુરન્સ પોલીસી |
| ૫/૪ | સામાવાળા નં.૧ સંસ્થાનું જી.એસ.ટી. સર્ટીફીકેટ |
| ૫/૫ | સામાવાળા નં.૧ એ કરેલ અરજદારનાં કલેઈમ ફોર્મ |
| ૫/૬ | અરજદારનાં મેડીકલ રિપોર્ટ |
| ૫/૭ | અરજદારનાં મેડીકલ ડિસ્ચાર્જ સમરી |
| ૫/૮ | અરજદારની પગાર સ્લીપ તથા હાજરી પત્રક |

(૩) આ કામે **આંક–૬** થી ફીકસ ડિપોઝીટ કઢાવવા અંગેનો પત્ર. **આંક–૭** થી ફીકસ ડિપોઝીટની રસીદની નકલ રજુ છે. ત્યાર બાદ **આંક–૮** થી પક્ષકારોને નોટીસ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તેના વિ.વ.શ્રી સાથે હાજર રહી **આંક–૯** થી વકીલપત્ર રજુ રાખી **આંક–૧૨** થી ખુટતી રકમ જમા કરાવવા અંગેની અરજી આપેલ છે અને **આંક–૧૦** થી દસ્તાવેજી લીસ્ટ રજુ રાખેલ છે. જેમાં **નિ.૧૦/૧** થી અરજદારનું આધારકાર્ડ, **નિ.૧૦/૨** થી અરજદારનાં સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અને **નિ.૧૦/૨** થી અરજદારનું પાનકાર્ડ રજુ કરેલ છે.

(૪) આ કામે સંબધીત જોગવાઈઓ જરૂર પુરતી ધ્યાને લઈએ તો .........

28.Registration of agreements.—(1) Where the amount of any lamp sum payable as compensation has been settled by agreement whether by way of redemption of a half-monthly payment or otherwise, or where any compensation has been so settled as being payable 1 [to a woman, or a person under a legal disability] 2 [***J a memorandum thereof shall be sent by the employer to the Commissioner, who shall, on being satisfied as to its genuineness, record the memorandum in a register in the prescribed manner: Provided that— (a) no such memorandum shall be recorded before seven days after communication by the Commissioner of notice to the parties concerned; 3 [***] (c) the Commissioner may at any rime rectify the register;

ઉપરોકત જોગવાઈઓ તથા હાથ ઉપરના કેસની હકીકતો ધ્યાને લેતા, સામાવાળા નં.૨ ને નોટીસ બજી ગયેલ છે. પરંતુ તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ ગેરહાજર રહેવાનુ સ્વેચ્છાએ પસંદ કરેલ છે. જયારે સામાવાળા નં.૧ સંસ્થા તર્ફે **આંક–૧૧** થી નો–ઓબ્જેકશન પુરશીસ રજુ રાખેલ છે.

(૫) અરજદારએ આંક–૧૨ થી ખુટતી વળતરની રકમ જમા કરાવવાની અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ સામાવાળા નં.૧ સંસ્થામાં ફરજ બજાવતા હતા અને ચાલુ ફરજ દરમ્યાન તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ અકસ્માત થતાં અરજદારને ૧૦૦ % કાયમી ખોડ રહી ગયેલ જે અંગે વળતર આપવા સામાવાળા કાયદેસર

બંધાયેલા છે પરંતુ સામાવાળાએ ૯૦ % ખોડ ગણી વળતરની રકમ કુલ રૂા.૧૭,૧૫,૫૦૦/– જમા કરાવેલ છે જયારે અરજદારને બંને પગે શીડયુલ મુજબની ગંભીર ઈજાઓ થયેલ છે અને બંને પગ કપાયેલા છે જેથી અરજદારની કમાવવાની શકિત ૧૦૦ % પુરેપુરી ગુમાવેલ છે વધુમાં જણાવેલ કે, સામાવાળાએ રજુ કરેલ પેપર્સ મેડીકલ રિપોર્ટમાં પણ અરજદારને થયેલ ઈજાને કારણે ૧૦૦ % કાયમી ખોડ રહી ગયેલ છે. જેથી અરજદારના બંને પગ કપાયેલા હોય ૧૦૦ % કમાવવાની શકિત ગુમાવેલ હોય તેઓને માસિક પગાર રૂા.૧૫,૦૦૦/– તથા ઉંમર વર્ષ ૨૮ વર્ષ તેમજ લાગુ પડતા ફેકટર. ૨૧૧.૭૯ પ્રમાણે ૧૦૦ % વળતરની રકમ રૂા.૧૯,૦૬,૧૧૦/– થાય તેમાંથી સામાવાળાઓએ રૂા. ૧૭,૧૫,૫૦૦/– જમા કરાવેલ છે જેથી સામાવાળાએ રૂા.૧,૯૦,૬૧૦/– ઓછા જમા કરાવેલ હોય બાકી રહેતી તફાવતની રક્મ રૂા.૧,૯૦,૬૧૦/– નામ.કોર્ટમાં જમા કરાવે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. આ અરજી અંગે સામાવાળાઓને આંક–૧૩થી નોટીસ ઈસ્યુ કરતા સામાવાળા નં.૧ ને પોસ્ટની એકનોલેજમેન્ટ મુજબ તથા સામાવાળા નં.ર ને બેલીફશ્રીના રિપોર્ટ મુજબ નોટીસ નિયમસર બજી ગયેલ છે. તેમ છતાં સામાવાળાઓએ નામ.કોર્ટમા હાજર રહી અરજદારની ખુટતી વળતરની અરજી વિરુઘ્ઘ કોઈ લેખિત વાંધા જવાબ રજુ ના કરતા અરજદારની આંક–૧૪ની અરજીથી સામાવાળાઓનો જવાબનો હકક બંધ કરેલ છે.

(૬) અરજદારના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી. તેઓએ આંક–૧૨ ની અરજીની હકીકત મુજબ રજુઆત કરી અરજી

મંજુર કરવા જણાવેલ અને આ અકસ્માતમા અરજદારના બંને પગ કપાઈ જવાથી તેઓને ૧૦૦% કાયમી ખોડ રહી જવાથી કમાવવાની શકિત પુરેપુરી ૧૦૦% ગુમાવેલ છે જેથી અરજદાર ૧૦૦% પ્રમાણે વળતરની રકમ મેળવવા હકકદાર બનેલા હોવા છતા સામાવાળાઓએ ૯૦ % વળતરની રકમ રૂા. ૧૭,૧૫,૫૦૦/- જમા કરાવી તે અંગે રૂા.૧,૯૦,૬૧૦/- વળતરની રકમ ઓછી જમા કરાવેલ હોય તે રકમ ચુકવી આપવા જમા કરાવે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. જયારે સામાવાળાઓ દલીલના તબકકે હાજર ન રહેતા તેમની દલીલનો હકક નામ.કોર્ટે બંધ કરેલ છે.

(૭) રેકર્ડ પરની હકીકતો ઘ્યાને લેતા અરજદાર સામાવાળા નં.૧ ને ત્યાં નોકરી કરતા હોવાનું અને તેમને માસિક પગાર રૂા. ૧૫,૦૦૦/- હોવાનું તથા અકસ્માત સમયે તેમની ઉંમર.૨૮ વર્ષ હોય લાગુ પડતા એજ ફેકટર ૨૧૧.૭૯ હોવાની હકીકત બીન તકરારી છે. વધુમાં સામાવાળાએ રજુ કરેલ અરજદારના ફોટોગ્રાફસ તથા મેડીકલ રિપોર્ટ ઘ્યાને લેતાં અરજદારને અકસ્માતમાં બંને પગે ઈજા થવાથી ઘુંટીના ઉપરના ભાગેથી કપાયેલ હોય તે રીતે અરજદારને અરજદારની કામદાર વળતર અધિનિયમમાં આપવામાં અનુસૂચિ-૧માં જણાવેલ અનુક્રમ નં.૩ની શીડયુલ ઈંજરી હોવાની હકીકત જણાય આવે છે.

(૮) આ કામે ઉપરની હકીકતો ઘ્યાને લેતા અરજદાર સામાવાળા નં.૧ તે ત્યા ફરજ બજાવતી વખતે અકસ્માત થતાં તેઓના બંને પગ કપાયેલ છે જે અંગે સામાવાળાએ નિ.૫/૨ થી અરજદારનો ફોટોગ્રાફસ રજુ કરેલ છે તે ઘ્યાને લેતાં અરજદારના બંને પગ ઘુંટીના ઉપરના ભાગેથી કપાયેલ છે વધુમાં નિ.૫/૬ થી

ડો.ચીન્મય.એચ.ત્રીવેદીએ આપેલ મેડીકલ રિપોર્ટ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં અરજદારને બંને પગે થયેલ ઈજાઓને કારણે ૧૦૦ % કાયમી ખોડ રહેલ હોવાનું જણાવેલ છે. આ સંજોગોમાં વ.કો. અધિનિયમની કલમ ૨(એલ)મા આપેલ '' પુરી અશકતતા'' ની વ્યાખ્યા ધ્યાને લેતાં અરજદારને બંને પગે શીડયુલ ઈંજરી થયેલ હોય તેથી તેઓ અકસ્માત સમયે જે કામગીરી કરી શકતા હતા તે તમામ કામગીરી કરવા તેઓ અસમર્થ બનેલા હોય તેઓની કાયમી પુરેપુરી અશકતતા આવેલ હોવાનું ગણાય તેથી અરજદાર ૧૦૦ % કાયમી અશકતતા આધારે વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે. વધુમાં બજારમાં શારીરિક રીતે તંદુરસ્ત એવા કામદારો સહેલાઈથી ઉપલબ્ધ થતાં હોય ત્યારે અરજદારને કાયમી ખોડના કારણે જે અશકતતા રહેલી છે તેવી અશકતતા ધરાવતાં કામદારને સ્વાભાવિક રીતે કોઈ પણ વ્યકિત કામ પર રાખે નહીં જેથી અરજદારને તેઓ કામ કરવા ઈચ્છે તો પણ બંને પગે ધુંટીના ઉપરના ભાગેથી કપાયેલ હોય તે કારણે તેઓ કામ કરી શકે તેમ નથી. જેથી અરજદારના બંને પગે થયેલ શીડયુલ ઈંજરી ધ્યાને લેતાં અરજદારની કમાવવાની શકિતમાં પુરેપુરી ૧૦૦ % નો ઘટાડો થયેલ છે તેમ માનવાને કારણ રહે છે. વધુમાં સામાવાળાઓએ અરજદારની આવક માસિક પગાર રૂા.૧૫,૦૦૦/- તથા ઉંમર વર્ષ ૨૮ વર્ષ તેમજ લાગુ પડતા ફેકટર. ૨૧૧.૭૯ પ્રમાણે ૯૦ % વળતરની રકમ રૂા. ૧૭,૧૫,૫૦૦/- જમા કરાવેલ છે પરંતુ અરજદારને થયેલ ઈજા તથા કાયમીખોડના કારણે કમાવવાની ૧૦૦ % શકિત ગુમાવેલ હોય અરજદારની માસિક પગાર **રૂા.૧૫,૦૦૦/-** ના ૬૦ % રકમ રૂા.૯,૦૦૦/- તથા

**ઉંમર–૨૮** વર્ષને લગત **ફેકટર** ૨૧૧.૭૯ સાથે ગુણતા ૧૦૦ % વળતરની રકમ રૂા.૧૯,૦૬,૧૧૦/– થાય. એ રીતે અરજદાર સામાવાળાઓ પાસેથી રૂા.૧૯,૦૬,૧૧૦/– વળતરની રકમ મેળવવા કાયદેસર હકકદાર થાય છે. પરંતુ સામાવાળાઓએ અરજદારના અકસ્માત બાબતે રૂા.૧૭,૧૫,૫૦૦/– વળતરની રકમ અત્રેની અદાલતમાં જમા કરાવેલ છે. આ સંદર્ભે વ.કો.અધિનિયમની કલમ–૨૨(એ) ની જોગવાઈ જોવામાં આવે તો કામદારના ઈજા કે મૃત્યુના કિસ્સામાં કાયદા મુજબ વળતરની રકમ ચુકવવાની થાય છે તેના કરતા માલિક કે ઓછી રકમ જમા કરાવેલ હોય તો કમિશ્નર તે સંદર્ભે માલિકને વધુ રકમ શા માટે જમા ન કરાવવી? તે મતલબની કારણદર્શક નોટીસ ઈસ્યુ કરી અને તે અનુસંધાને ખુટતી રકમ જમા કરાવવાનો કમિશ્નર હુકમ કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે ત્યારે હાલના કેસમાં અરજદારને થયેલ અકસ્માતમાં કાયમી ખોડ અંગે વળતરની રકમ રૂા. ૧૯,૦૬,૧૧૦/– કાયદાનુસાર મળવાપાત્ર છે પરંતુ સામાવાળાએ અત્રેની અદાલતમાં રૂા. ૧૭,૧૫,૫૦૦/– વળતરની રકમ ડીપોઝીટ કરાવેલ છે તે સંજોગોમાં રૂા. ૧,૯૦,૬૧૦/– વળતરની ખુટતી રકમ હોવાનું રેકર્ડ પર પુરવાર થાય છે તે સંજોગોમાં આ ખુટતી વળતરની રકમ અરજદારને ચુકવવા સામાવાળાઓ જવાબદાર બને છે. સામાવાળાઓને નોટીસની બજવણી કરવા છતાં આંક–૧૨ની અરજી વિરુધ્ધ કોઈ વાંધા જવાબ કે રજુઆત કરેલ નથી. વધુમાં સામાવાળા નં.૧એ તેમની સંસ્થામાં કામ કરતા કામદારોનો સામાવાળા નં.૨

પાસે વિમો ઉતરાવેલ છે અને અરજદારને થયેલ અકસ્માત વખતે વિમા પોલીસી અસ્તિત્વમાં હતી તેમજ અગાઉ સામાવાળા નં.૨એ વળતરની રકમ જમા કરાવેલ છે જેથી  આ ખુટતી વળતરની રકમ રૂા.૧,૯૦,૬૧૦/– સામાવાળા નં.૨ વીમા કંપની અરજદારને ચૂકવવા જવાબદાર થાય છે.

(૯) હવે આ કામમાં અરજદારે તેઓની આંક–૧૨ ની અરજીમાં ખુટતી વળતરની રકમની માંગણી કરેલી છે પરંતુ વ્યાજ તથા પેનલ્ટી ની કોઈ માંગણી કરેલ નથી વધુમાં અરજદારે આકં–૧૫ ની પુરશીસથી સામાવાળાઓએ ખુટતી વળતરની રકમ જમા કરાવે તો તેઓ વ્યાજ તથા પેનલ્ટીની રકમ સ્વેચ્છાએ જતી કરે છે તેમ જણાવે છે જેથી ખુટતી વળતરની રકમ અંગે વ્યાજ તથા પેનલ્ટીનો કોઈ હુકમ કરવામાં આવતો નથી. અરજદારને થયેલ અકસ્માત વળતર અંગે સામાવાળાઓએ નામ.કોર્ટમાં રૂા.૧૭,૧૫,૫૦૦/– જમા કરાવેલ છે અને તે રકમની ચુકવણી સામે સામાવાળા સંસ્થાને વાંધો નથી તેવુ આંક–૧૧ની પુરશીસથી જણાવેલ છે. તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ફર્સ્ટ અપીલ નં. ૩૮૩૦/૨૦૦૬ ની દિ.પ.અ.નં. ૧૧૭૦૬/૨૦૦૬ થી ફર્સ્ટ અપીલ નં.૩૮૪૦/૨૦૦૬ ની **દિ. પ. અ.નં. ૧૧૭૧૬/૨૦૦૬, ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લી. વિરુધ્ધ નરસીહ ડી. હરીજન, (સોલંકી)** ના કામે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત તથા ગાઈડલાઈન્સ જેમાં નોંધેલ છે કે, Commissioner for Workmen Compensation shall order for deposit of at least 85% amount of compensation awarded (inclusive of penalty and interest) in long-term Fixed Deposits in any Nationalised Bank and as far as possible in State Bank of

India with a provision that the claimant/s shall be entitled to a periodical monthly/quarterly interests on such Fixed Deposit.'

(૧૦) આમ હાલના કેસમાં અરજદારને થયેલ શીડયુલ ઈંજરી અંગે સામાવાળા ઓ એ જે વળતરની રકમ જમા કરાવેલ છે તે અંગે અરજદારે આંક–૧૨ ની અરજી આપી વાંધો લીધેલ છે અને ખુટતી રકમ ચુકવવા અરજ કરેલ છે વધુમાં ઉપર ચર્ચા કર્યા મુજબ સામાવાળાઓએ વળતરની રકમ રૂા.૧,૯૦,૬૧૦/– વળતરની રકમ ઓછી જમા કરાવેલ છે તે સંજોગોમાં કર્મચારી વળતર અધિનિયમની **કલમ ૨૮(૧) કલોઝ–ડી** ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો જયારે સામાવાળાએ વળતરની રકમ ઓછી જમા કરાવેલ હોય તો નામ.કોર્ટ તે એગ્રીમેન્ટ રજીસ્ટર નહી કરવાનું હુકમ કરી શકે અને કોર્ટને સંજોગો ધ્યાને લેતાં યોગ્ય જણાઈ તેવો હુકમ કરી શકે છે. આ સંજોગોમાં એગ્રીમેન્ટ રજીસ્ટર નહી કરવાનો અને હાલના કેસમાં અરજદારને થયેલ અકસ્માત અંગે ખુટતી રકમ **રૂા.૧,૯૦,૬૧૦/– (અંકે રૂા. એક લાખ નેવુ હજાર છસો દશ પુરા)** ચુકવવાનો સામાવાળા નં.૨ વીમા કંપની વિરુઘ્ધ હુકમ કરવાનો થાય છે. વધુમાં સામાવાળા ઓ ઘ્વારા જમા કરાવવામાં આવેલ વળતરની રકમ **રૂા.૧૭,૧૫,૫૦૦/– (અંકે રૂા. સતર લાખ પંદર હજાર પાંચસો પુરા)** અરજદારને ચુકવવાનો હુકમ કરવાનો થતો હોઈ, જેથી હાલની અરજીમાં નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

(૧) સામાવાળાઓએ અપુરતી વળતરની રકમ જમા કરાવવા ને કારણે મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટની નોંધણીની દાદ **ના મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામમાં અરજદારને થયેલ અકસ્માત અંગે ખુટતી વળતરની રકમ **રૂા.૧,૯૦,૬૧૦/– (અંકે રૂા. એક લાખ નેવુ હજાર છસો દશ પુરા)** ચુકવવા માટે સામાવાળા નં.ર વીમા કંપની જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે. અને સદરહું રકમ સામાવાળા નં.ર વીમા કંપનીએ આ હુકમ તારીખથી દિન–૩૦માં અત્રેની અદાલતમાં જમા કરાવવી.

(૩) આ કામના સામાવાળાઓ ધ્વારા વળતર પેટે જમા કરવામાં આવેલ કુલ રકમ **રૂા.૧૭,૧૫,૫૦૦/– (અંકે રૂા. સતર લાખ પંદર હજાર પાંચસો પુરા)** પૈકી **રૂા.ર,૭૫,૫૦૦/–(અંકે રૂા. બે લાખ પંચોતેર હજાર પાંચસો પુરા)** તથા અત્યાર સુધીનું જમાં થયેલ વ્યાજની રકમ એકાઉન્ટ પે ના ચેકથી અરજદારને તેમની યોગ્ય ઓળખ લઈ ચુકવી આપવા અને બાકી રહેતી રકમ **રૂ.૧૪,૪૦,૦૦૦/–(અંકે રૂા. ચૌદ લાખ ચાલીસ હજાર પુરા)** અરજદાર તથા કામદાર વળતર અધિનિયમ હેઠળના કમીશ્નર, રાજકોટના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમા **પાંચ વર્ષ** માટે ફીકસ ડીપોઝીટ કરવી અને તે રકમ ઉપર ઉપજતું વ્યાજ અરજદારને **દર ત્રણ માસે** ચુકવી આપવું તેમ ઠરાવવામાં આવે છે.

(૪) સદર રાષ્ટ્રીયકૃત બેંકે, બેંકમા ફીકસ ડીપોઝીટ થયેલ રકમ અરજદાર તથા કામદાર વળતર અધિનિયમ હેઠળના કમીશ્નર, રાજકોટના જોઈન્ટ નામે ફીકસ ડીપોઝીટ કરવાની રહેશે તેમજ તે રકમ ઉપર સદરહું કમીશ્નરશ્રીની પરવાનગી વગર કોઈપણ જાતની લોન કે એડવાન્સ વગેરે આપવા નહી.

(૫) બેંકે રકમ ડીપોઝીટ થયાના દિન–૩૦ માં અસલ રસીદ અત્રેની કચેરીમાં જમાં કરાવવાની રહેશે. જેની ખરી નકલ અત્રે રાખી અસલ રસીદ સંબંધિત અરજદારને સોંપવાની રહેશે.

**હુકમ આજરોજ તા. ૧૨ – ૦૬ – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : મોરબી.

તારીખ : ૧૨/ ૦૬ / ૨૦૨૬

VDJ

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એકસ ઓફિસીઓ કમિશ્નર**
**ફોર ધી વ. કો. એકટ, એન્ડ જજ,**
**સીટીંગ મજુર અદાલત, મોરબી.**